# નિકાસકારોને ટેકા માટે સરકારે રૂ. ૭૨૯૫ કરોડનું પેકેજ જાહેર કર્યું

**નિકાસકારોની** ધિરાણ પહોંચ વધારવા માટે જાહેર કરાયેલું પેકેજ

**નિકાસકારોને** નિકાસ પહેલા અને પછી નિકાસ ક્રેડિટ પર સબસીડી મળશે

**આમાં** 5,181 કરોડ રૂપિયાની વ્યાજ સબવેન્શન યોજના અને 2,114 કરોડ રૂપિયાના કોલેટરલ સપોર્ટનો સમાવેશ

**પેકેજની મુખ્ય વિગતો:**

વ્યાજ સબવેન્શન (રૂા. 5,181 કરોડ): લાયક MSME નિકાસકારોને રૂપિયામાં લેવાયેલી નિકાસ ક્રેડિટ પર 2.75% સુધીની વ્યાજ સબસિડી મળશે. આનો લાભ કંપની દીઠ વાર્ષિક રૂા. 50 લાખ સુધી મર્યાદિત રહેશે.

કોલેટરલ સપોર્ટ (રૂા. 2,114 કરોડ): નાના અને મધ્યમ નિકાસકારોને કાર્યકારી મૂડી (Working Capital) માટે ક્રેડિટ ગેરંટી અપાશે. આ હેઠળ પ્રતિ પેઢી રૂા. 10 કરોડ સુધીની ગેરંટી મળશે.

ગેરંટી કવરેજ: નાના નિકાસકારો માટે 85% અને મધ્યમ નિકાસકારો માટે 65% સુધીનું ગેરંટી કવરેજ ઉપલબ્ધ થશે.

સમયગાળો: આ યોજના 2025 થી 2031 સુધીના 6 વર્ષના ગાળા માટે અમલમાં રહેશે.

નવી દિલ્હી, તા. ૨(પીટીઆઇ): સરકારે શુક્રવારે 7,295 કરોડ રૂપિયાના નિકાસ સહાય પેકેજની જાહેરાત કરી, જેમાં નિકાસકારોની ધિરાણ સુધીની પહોંચ સુધારવા માટે 5,181 કરોડ રૂપિયાની વ્યાજ સબવેન્શન યોજના અને 2,114 કરોડ રૂપિયાના કોલેટરલ સપોર્ટનો સમાવેશ થાય છે.

બંને પગલાં છ વર્ષ (2025-31)ના સમયગાળા દરમિયાન અમલી કરવામાં આવશે. વાણિજ્ય મંત્રાલયના અધિક સચિવ અજય ભાદુએ જણાવ્યું હતું કે આ હસ્તક્ષેપો નિકાસકારોના વેપાર નાણાકીય મુદ્દાઓને સંબોધશે. વ્યાજ સહાય યોજના હેઠળ, નિકાસકારોને શિપમેન્ટ પહેલા અને પછી નિકાસ ક્રેડિટ પર સબસિડી મળશે. નવેમ્બર ૨૦૨૫માં મંજૂર કરાયેલા ૨૫,૦૬૦ કરોડ રૂપિયાના નિકાસ પ્રમોશન મિશન (EPM)નો આ બીજો હિસ્સો છે.

પહેલો ભાગ - ૪,૫૩૧ કરોડ રૂપિયાના ખર્ચ સાથે બજાર ઍક્સેસ સપોર્ટ ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ શરૂ કરવામાં આવ્યો હતો.

સબવેન્શન યોજના જુદા તારવાયેલા ક્ષેત્રોના નિકાસકારોને એવા સમયે સ્પર્ધાત્મક દરે રૂપિયામાં નિકાસ ક્રેડિટ મેળવવામાં મદદ કરશે જ્યારે વૈશ્વિક વેપાર અવરોધોનો સામનો કરી રહ્યો છે. આ યોજના હેઠળ, સરકાર લાયક MSME નિકાસકારોને ૨.૭૫ ટકાની રેન્જમાં સબવેન્શન લાભો પ્રદાન કરશે.

## શપથવિધિ સમારંભમાં ઝોહરાન મામદાનીએ નાઝી સેલ્યુટ કરી?



ન્યૂયોર્ક શહેરના મેયર ઝોહરાન મમદાનીએ એક ઝાકઝમાળભર્યા સમારંભમાં શપથ લીધા હતા જેણે વિશ્વભરનું ધ્યાન ખેંચ્યું હતું. જો કે, આ જાહેર સમારંભ દરમિયાન ઝોહરાન 'નાઝી સલામી' કરવાનો આરોપ લગાવતા ઓનલાઈન દાવાઓ સામે આવ્યા બાદ આ કાર્યક્રમે ટૂંક સમયમાં જ ચર્ચા જગાવી હતી.

શપથવિધિ સમારંભની એક વિડિઓ ક્લિપ ઝડપથી વાયરલ થઈ ગઈ હતી, જેમાં ઝોહરાનની એક ચેષ્ટા એવી જણાય છે કે જાણે તે નાઝી સેલ્યુટ હોય. રિપબ્લિકનોએ દાવો કર્યો હતો કે શપથવિધિ દરમ્યાન ઝોહરાને નાઝી સલામી આપી હતી. બરાબર એક વર્ષ પહેલા એલોન મસ્ક સાથે પણ આવો જ વિવાદ થયો હતો. વ્યાપક રીતે પ્રસારિત ક્લિપમાં, મમદાનીએ ભીડને સંબોધતી વખતે હાથની ટૂંકી હિલચાલ કરી હોવાનું જણાય છે, જે બાબતે ઘણા લોકો સૂચવે છે કે ભાષણો દરમિયાન સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતી એક ખાસ ચેષ્ટા હતી. જો કે કેટલાક લોકોએ આને નાઝી સલામી ગણાવી હતી.



## આ છોકરી વિશ્વની પ્રથમ મહિલા સરમુખત્યાર બનશે?

કિમ જોંગ ઉન પછી ઉત્તર કોરિયાની સત્તા કોણ સંભાળશે? આ પ્રશ્ન વારંવાર ઉઠાવવામાં આવ્યો છે કારણ કે આ દેશના લોકો તેમના શાસકને ચૂંટતા નથી; તેના બદલે, એક સરમુખત્યારશાહી સરકાર સત્તામાં છે. હવે તે લગભગ સ્પષ્ટ થઈ ગયું છે કે દેશની બાગડોર કિમ જોંગ ઉનની પુત્રી, કિમ જુ એ ના હાથમાં જશે. અને તે જ્યારે ઉત્તર કોરિયાની શાસક બનશે ત્યારે તે વિશ્વની પ્રથમ મહિલા સરમુખત્યાર હશે. કિમ જુ એ એ તેના દાદા અને પરદાદાના સમાધિની પ્રથમ જાહેર મુલાકાત લીધી તે પછી ઉત્તર કોરિયાના રાજ્ય મીડિયાએ શુક્રવાર, 2 જાન્યુઆરીના રોજ આ તસવીરો પ્રકાશિત કરી. જુ એ ની મુલાકાતે તેના પિતાના ઉત્તરાધિકારી તરીકેની તેમની સ્થિતિને વધુ મજબૂત બનાવી છે. જુ એનો જાહેરમાં પરિચય 2022 માં જ્યારે તેણી તેના પિતા સાથે ઇન્ટરકોન્ટિનેન્ટલ બેલિસ્ટિક મિસાઇલ (ICBM) લોન્ચ કરવા ગઈ હતી ત્યારે થયો હતો.

# મેક્સિકોમાં 6.5 તીવ્રતાનો ધરતીકંપ

**ધરતીકંપનું** કેન્દ્ર દક્ષિણી રાજ્ય ગ્યુરેરોમાં સાન માર્કોસ શહેર પાસે સિફિક કોસ્ટ રિસોર્ટ અકાપુલ્કો નજીક, નુકસાનના કોઇ અહેવાલ નહીં

મેક્સિકો સિટી, તા. 2 (એપી): શુક્રવારે દક્ષિણ અને મધ્ય મેક્સિકોમાં એક શક્તિશાળી ભૂકંપ આવ્યો હતો, જેના કારણે ભૂકંપના સાયરન વાગતા પ્રમુખ ક્લાઉડિયા શેનબૌમની નવા વર્ષની પ્રથમ પ્રેસ બ્રીફિંગમાં વિક્ષેપ પડ્યો હતો.

મેક્સિકોની રાષ્ટ્રીય સિસ્મોલોજીકલ એજન્સીના જણાવ્યા મુજબ ધરતીકંપની પ્રારંભિક તીવ્રતા 6.5 હતી, અને તેનું કેન્દ્ર દક્ષિણી રાજ્ય ગ્યુરેરોમાં સાન માર્કોસ શહેર પાસે સિફિક કોસ્ટ રિસોર્ટ અકાપુલ્કો નજીક હતું.

રાજ્યના સિવિલ ડિફેન્સ એજન્સીએ અકાપુલ્કોની આસપાસ અને અન્ય રાજમાર્ગો પર વિવિધ ભેખડ ધસવાના બનાવોનો અહેવાલ આપ્યો હતો.

યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું હતું કે ભૂકંપ 35 કિલોમીટરની ઊંડાઈએ, ગ્યુરેરોથી 2.5 માઈલ ઉત્તર-ઉત્તર પશ્ચિમમાં રાંચો વિએજોમાં આવ્યો હતો, જે અકાપુલ્કોથી લગભગ 57 માઈલ ઉત્તર પૂર્વમાં પહાડોમાં આવેલું છે.

શેનબૌમે થોડા સમય પછી તેમની પત્રકાર પરિષદ ફરી શરૂ કરી અને કહ્યું કે તેમણે ગ્યુરેરોની ગવર્નર એવલિન સાલગાડો સાથે વાત કરી છે, જેમણે તેમને જણાવ્યું હતું કે અત્યાર સુધી કોઈ ગંભીર નુકસાનના અહેવાલ નથી. જ્યારે આંચકા શરૂ થયા ત્યારે મેક્સિકો સિટી અને અકાપુલ્કોમાં રહેવાસીઓ અને પ્રવાસીઓ ગભરાઈને રસ્તાઓ પર દોડી આવ્યા હતા.

# દેશભરની અદાલતોમાં 5.41 કરોડ કેસ પડતર

**ન્યાયતંત્ર** સામે મોટો પડકાર આ કેસોને ઘટાડવાનો

**દેશના** ચીફ જસ્ટિસે પણ આ મુદ્દે ચિંતા વ્યક્ત કરી હતી

**પડતર કેસના તથ્ય**

સુપ્રીમ કોર્ટમાં 91.89 હજાર કેસ પડતર છે.
હાઈકોર્ટમાં 63.67 લાખ કેસ પડતર છે.
નીચલી કોર્ટમાં 4.76 કરોડ કેસ પડતર છે.
દિલ્હી હાઈકોર્ટમાં 15.85 લાખ કેસ પડતર છે.
સુપ્રીમ કોર્ટમાં 1 જગ્યા ખાલી છે.
હાઈકોર્ટમાં 297 જગ્યા ખાલી છે.
નીચલી કોર્ટોમાં 4855 જગ્યા ખાલી છે.

નવી દિલ્હી, તા. 2: ભારતમાં ન્યાયતંત્ર સામે સૌથી મોટો પડકાર કરોડો પડતર કેસોને ઘટાડવાનો છે. દેશભરની નીચલી અદાલતો, હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં મોટી સંખ્યામાં કેસ પડતર છે.

28 ડિસેમ્બર, 2025 સુધીમાં નેશનલ જ્યુડિશિયલ ડેટા ગ્રીડના આંકડાઓ મુજબ નીચલી અદાલતો, હાઈકોર્ટો અને સુપ્રીમ કોર્ટમાં કુલ 5.41 કરોડ કેસ પડતર છે. દેશભરની નીચલી અદાલતોમાં 4.76 કરોડ કેસ પડતર છે. આમાંથી 3.65 કરોડ ક્રિમીનલ કેસ છે, અને બાકીના સિવિલ કેસ છે.

ઉત્તર પ્રદેશમાં નીચલી અદાલતોમાં કુલ 1.3 કરોડ કેસ પડતર છે. જ્યારે દિલ્હીમાં નીચલી અદાલતોમાં 15.85 લાખ કેસ પડતર છે. સુપ્રીમ કોર્ટના આંકડા મુજબ હાલમાં 91,892 કેસ પડતર છે. રાજ્યોની હાઈકોર્ટોમાં 63.67 લાખ કેસ પડતર છે. આ પડતરમાંથી 19.01 લાખ કેસ ક્રીમીનલ છે જ્યારે 44.65 લાખ કેસ સિવિલ કેસ છે.

નવેમ્બરમાં શપથ લેતા પહેલા જ ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયા સૂર્યકાન્તે કહ્યું હતું કે તેમની પ્રાથમિકતા પડતરને નિયંત્રિત કરવાની રહેશે. તેમણે કહ્યું, 'અમે પહેલા જોઈશું કે તેને કેવી રીતે ઘટાડવું અને આ માટે ઉપલબ્ધ સંસાધનોનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવશે.' ગયા વર્ષે 11 જુલાઈના રોજ, કાયદા મંત્રાલયે કેન્દ્ર સરકારના વિવિધ મંત્રાલયો અને વિભાગોને માર્ગદર્શિકા જારી કરી હતી જેથી સરકાર પક્ષકાર હોય તેવા કેસોનો ઝડપી નિકાલ સુનિશ્ચિત કરી શકાય. કાયદા અને ન્યાય મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક કાર્યાલય મેમોરેન્ડમમાં કહેવામાં આવ્યું છે કે આ એસઓપી બિનજરૂરી મુકદ્દમા અટકાવવા અને આંતર-વિભાગીય સંકલનને સુધારવામાં મદદ કરશે.

# એમેઝોને H-1બી વિઝા ધરાવતા કર્મચારીઓને ભારતમાંથી કામ કરવાની મંજૂરી આપી

**કેટલાક** ભારતીય એન્જિનિયરોને તેમના વિઝા ઇન્ટરવ્યુ મહિનાઓ સુધી મુલતવી રખાયા બાદ આ મોટી રાહત મળી

**કર્મચારીઓ** બીજી માર્ચ 2026 સુધી ભારતમાંથી ઘરે બેઠા કામ કરી શકે છે

નવી દિલ્હી, તા. 2: ભારતમાં ફસાયેલા એચ-1બી વિઝા ધરાવતા કેટલાક ભારતીય એન્જિનીયરોને તેમના વિઝા ઈન્ટરવ્યુ મહિનાઓ સુધી મુલતવી રખાયા બાદ રાહત મળી છે. એક અહેવાલ મુજબ, એમેઝોને ભારતમાં ફસાયેલા એચ-1બી ટેક કામદારોને ઘરેથી કામ કરવાની મંજૂરી આપીને કામચલાઉ રાહત આપી છે, વિઝામાં વિલંબ થવાના વધારા વચ્ચે તેના ઓફિસમાં રૂબરૂ હાજરીના કડક નિયમનો ભંગ કર્યો છે.

આંતરિક મેમોમાં દર્શાવેલ એમેઝોનનો નિર્ણય, અમેરિકા સ્થિત કર્મચારીઓને લાગુ પડે છે જેઓ 13 ડિસેમ્બર સુધી ભારતમાં હતા અને ફરીથી શેડ્યૂલ કરાયેલ એચ-1બી અથવા એચ4 વિઝા એપોઈન્ટમેન્ટની રાહ જોઈ રહ્યા છે. આ નીતિ હેઠળ, પાત્ર કર્મચારીઓ બીજી માર્ચ 2026 સુધી ભારતમાંથી ઘરે બેઠા કામ કરી શકે છે.

આ પગલું એમેઝોનના ઓફિસ પરત ફરવાના આદેશમાં એક દુર્લભ છૂટછાટ દર્શાવે છે, આદેશ મુજબ કર્મચારીઓને અઠવાડિયામાં પાંચ દિવસ ઓફિસમાં કામ કરવું જરૂરી છે. વિઝા અટકી ગયા હોવાને કારણે સેંકડો વિદેશી કામદારો વિઝા રિન્યુઅલ માટે વિદેશ મુસાફરી કર્યા પછી અમેરિકા પાછા ફરી નથી શક્યા ત્યારે આ રાહત મળી છે.

જોકે અહેવાલ મુજબ ઘરેથી કામ કરવાની પરવાનગીમાં કેટલાંક પ્રતિબંધો છે. ભારતમાંથી ઘરે બેઠા કામ કરતા કર્મચારીઓને ટેસ્ટીંગ, ટ્રબલશુટીંગ અથવા દસ્તાવેજીકરણ સહિત કોઈ પણ કોડિંગ કરવાની મંજૂરી નથી. તેમને વ્યૂહાત્મક નિર્ણયો લેવા, ઉત્પાદનોનું પ્રબંધન કરવા, વાટાઘાટો કરવા અથવા કરાર પર હસ્તાક્ષર કરવા, ગ્રાહકો સાથે વાતચીત કરવા અથવા ભારતમાં એમેઝોન સ્ટાફનું નિરીક્ષણ કરવા પર પણ પ્રતિબંધ છે. બધી અંતિમ સમીક્ષાઓ, મંજૂરીઓ અને સાઈન-ઓફ ભારતની બહાર પૂર્ણ કરવી જરૂરી છે.

## ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ પીએલઆઈ સ્કીમ હેઠળ 22 પ્રોજેક્ટને મંજૂરી

નવી દિલ્હી, તા. 2 (પીટીઆઈ): સરકારે ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરિંગ સ્કીમ હેઠળ 22 નવા પ્રોજેક્ટ્સને મંજૂરી આપી છે જેમાં ફોક્સકોન, ડિક્સોન, ટાટા ઈલેક્ટ્રોનિક્સ અને સેમસંગ સામેલ છે. આ પ્રોજેક્ટ્સથી આશરે રૂ. 41863 કરોડનું રોકાણ થવાની અપેક્ષા છે અને 37000થી વધુ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારીનું સર્જન સાથે જ રૂ. 2,58,152 કરોડનું ઉત્પાદન થવાની અપેક્ષા છે.

આ પ્રોજક્ટસ ઈલેક્ટ્રોનિક્સ કમ્પોનન્ટ પૂરવઠા શ્રૃંખલામાં ભારતની સ્થિતિને વધુ મજબૂત બનાવશે અને ભારતની આયાત પરની નિર્ભરતા ઘટાડશે. મંજૂર થયેલા 22 પ્રોજેક્ટ્સથી આશરે 2.58 લાખ કરોડ રૂપિયાનું ઉત્પાદન થવાનો અંદાજ છે. મંજૂર થયેલા પ્રોજેક્ટ્સમાં ડિક્સન ટેક્નોલોજીસ, સેમસંગ ડિસ્પ્લે નોઈડા પ્રાઈવેટ લિમિટેડ, ફોક્સકોનની યુઝાન ટેક્નોલોજી ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને હિન્ડાલ્કો ઈન્ડસ્ટ્રીઝ જેવી મોટી કંપનીઓનો સમાવેશ થાય છે. આ મંજૂરી અગાઉ મંજૂર કરવામાં આવેલી 24 અરજીઓ ઉપરાંત છે, જેમાં રૂ. 12704 કરોડનું રોકાણ સામેલ છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, રોકાણ અને રોજગારનો મોટો હિસ્સો એપલના નવા વિક્રેતાઓ તરફથી આવશે, જેઓ હવે તેની વૈશ્વિક સપ્લાય ચેઇનમાં જોડાઈ રહ્યા છે. તેમાંથી કેટલાક એપલના આંતરરાષ્ટ્રીય સ્થળોએ નિકાસ કરશે.


**જાહેર નિવિદા નં- ૩૮ સને ૨૦૨૫-૨૬**
**માર્ગ અને મકાન વિભાગ, ગુજરાત રાજ્ય**

ગુજરાત રાજયના રાજયપાલશ્રી વતી કાર્યપાલક ઈજનેરશ્રી,વલસાડ (મા.×મ.) વિભાગ, સેવા સદન-૨,પેહેલો માળ,વલસાડ-૩૯૬૦૦૧,ફોન-ન-(૦૨૬૩૨)૨૪૪૧૨૮ દ્વારા ઈ-ટેન્ડરીંગથી વિભાગ દ્વારા વાપી પેટા વિભાગ ના કુલ ૧૬ કામો જેની અંદાજીત રકમ ૦૬.૭૯ લાખ થી ૨૦.૫૮ લાખ છે. માટે ઓનલાઈન ટેન્ડરો માંગવામાં આવે છે.જેના ટેન્ડરો વેબસાઈટ https://www.tender.nprocure.com ઉપરથી જોવા મળશે.

ઉપરોક્ત નિવિદામાં સમાવિષ્ઠ કામો તારીખ.૧૬-૦૧-૨૦૨૬ સમય ૧૮:૦૦ કલાક સુધીમાં ઓનલાઈન સબમીશન કરી શકાશે.અને શક્ય હશે તો ટેન્ડર બીજા દિવસે ખોલવામાં આવશે. કોઈ પણ કારણો આપ્યા સિવાય ટેન્ડર રદ કરવાની સતા અત્રેના વિભાગની અબાધિત રહેશે.

**નં.માહિતી/વલસાડ/૭૭૦/૨૦૨૬**



**पंजाब नैशनल बैंक** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

**બીઓ : રીંગ રોડ :** જશ ટેક્ષટાઈલ યાન માર્કેટ, રીંગ રોડ, સુરત– ૩૯૫૦૦૨.
E mail: bo010210@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી સોનવને ધનરાજ (દિવાદાર અને ગીરવેદાર)** અને **શ્રીમતી કવિતા ધનરાજ સોનવને (સહદેવાદાર અને ગીરવેદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા (ખાતા નં. 01026011001354) લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સોનવને ધનરાજ (દિવાદાર અને ગીરવેદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી સ્થાયી મિલકત કે જે 'શીવંતા હોમ્સ–૧' તરીકે ઓળખાતી સોસાયટી નો પ્લોટ નં. ૭૪૬ માપ આશરે ૪૦.૧૮ ચો.મીટર બરાબર વણવહેચાયેલ હિસ્સા માપ આશરે ૨૫.૭૬ ચો.મીટર, રોડ અને સીઓપી, રેવન્યુ સર્વે નં. ૪૧૯, ૪૨૦, ૪૨૩, અને ૪૨૪, બ્લોક નં. ૪૫૦ ગામ. ઉમરાખ, તા. બારડોલી, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : પ્લોટ નં. ૭૧૧, **પશ્ચિમ તરફ** : સોસાયટી રોડ, **ઉત્તર તરફ** : પ્લોટ નં. ૭૪૫, **દક્ષિણ તરફ** : પ્લોટ નં. ૭૪૭. | ૧૦.૧૨.૨૦૨૫ | ૨૯.૧૦.૨૦૨૫ | રૂા. ૯,૦૩,૮૯૫.૮૫/– |
| ૨ | શ્રીમતી કવિતા ધનરાજ સોનવને (સહદેવાદાર અને ગીરવેદાર) | | | | |

ઉપરોકત દેવાદાર(રો), જામીનદારો જે પણ લાગુ હોય ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**તારીખ : ૧૦.૧૨.૨૦૨૫ સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**



**पंजाब नैशनल बैंक** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

**બીઓ : ઘોડદોડ રોડ, સુરત :** ૨૦૧, સમર્થ સારથી એપાર્ટમેન્ટ, પાર્લે પોઈન્ટ સુરત– ૩૯૫૦૦૭
E mail: bo091010@pnb.bank.in ફોન : ૦૨૬૧– ૨૨૨૨૬૦૯

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી ભડીયાદરા ઘનશ્યામભાઈ કાનજીભાઈ (દેવાદાર)** અને **શ્રીમતી ભડીયાદરા રશ્મીતાબેન ઘનશ્યામભાઈ** કે જેમણે બેંક મારફત લોન સુવિધા (ખાતા નં. 091010NC00000837 & 091010NC00000828) લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ભડીયાદરા ઘનશ્યામભાઈ કાનજીભાઈ (દેવાદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'વેદાંત ભુમી' તરીકે ઓળખાતી સોસાયટી નો બી ટાઈપ નો પ્લોટ નં. ૭૨ માપ આશરે ૪૦.૧૮ ચો.મીટર ભોયતળીયાના બાંધકામનું માપ આશરે ૪૦.૧૮ ચો.મીટર, જમીન રેવન્યુ સર્વે નં. ૪૩૦, બ્લોક નં. ૪૦૯ (હાલનો રેવન્યુ રેકોર્ડ મુજબ બ્લોક નં. ૪૦૯–૭૨) ગામ. કામરેજ, તા. કામરેજ, જી.સુરત ખાતે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેની સોસાયટી રોડ, **પશ્ચિમ તરફ** : જોડેનો બી ટાઈપ પ્લોટ નં. ૫૭, **ઉત્તર તરફ** : જોડેનો બી ટાઈપ પ્લોટ નં. ૭૩, **દક્ષિણ તરફ** : જોડેનો બી ટાઈપ પ્લોટ નં. ૭૧ | ૨૪.૧૨.૨૦૨૫ | ૧૪.૧૨.૨૦૨૫ | રૂા. ૧૮,૧૧,૦૦૯.૬૯/– |
| ૨ | શ્રીમતી ભડીયાદરા રશ્મીતાબેન ઘનશ્યામભાઈ | | | | |

ઉપરોકત દેવાદાર(રો), જામીનદારો જે પણ લાગુ હોય ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**તારીખ : ૨૪.૧૨.૨૦૨૫ સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**



**पंजाब नैशनल बैंक** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

**બીઓ : રીંગ રોડ :** જશ ટેક્ષટાઈલ યાન માર્કેટ, રીંગ રોડ, સુરત– ૩૯૫૦૦૨. E mail: bo010210@pnb.bank.in

અહી નોટીસ આથી નીચેના દેવાદારો **શ્રી સુરેન્દ્ર બહાદુર સીતારામ યાદવ (દેવાદાર)** કે જેમણે બેંક મારફત લોન સુવિધા (ખાતા નં. 310200NC00001266) લીધેલ જેમાં મુદલ અને વ્યાજની ચુકવણી માં કસુર કરેલ છે. આ લોન સુવિધા માટે પોતાની અંગત ગેરંટી આપેલ છે. અને લોન ખાતુ નોન– પરફોર્મીંગ એસેટ( એનપીએ) તરીકે વગીકૃત થયુ છે. આ લોનની ચુકવણી માટે **શ્રી અમીત કુમાર ભાનુભાઈ કુંભાની (જામીનદાર)** એ જામીનગીરી આપેલ છે.તેમના છેલ્લા જાણીતા સરનામા પર સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ તેમને નોટીસ જારી કરવામાં આવેલ હતી પરંતુ તે બજવણી થયા વગર પરત થયેલ છે. અને આથી તેમને આ જાહેર નોટીસ થી તેમને જાણ કરવામાં આવે છે.

| અ. નં. | દેવાદારો /જામીનદારો ના નામ | સુરક્ષીત કરેલ મિલકતનુ વર્ણન | નોટીસની તારીખ | એનપીએ ની તારીખ | બાકી રકમ (નોટીસની તારીખ મુજબ, વ્યાજ અને અન્ય ચાર્જીસ સહીત) |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી સુરેન્દ્ર બહાદુર સીતારામ યાદવ (દેવાદાર) | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'સારથી ટાઉનશીપ' નામે ઓળખાતી હાઉસીંગ સોસાયટી નો પ્લોટ નં. ૧૦૦ (કેજેપી પુજબ બ્લોક નં. ૨૭૮/બી/૧૦૦), એરીયા માપ ૫૩.૩૩ ચો.વાર એટલે બરાબર ૪૪.૫૯ ચો.મીટર, જમીનનો રેવન્યુ બ્લોક નં. ૨૭૮/બી ગામ. મોજે. તાતીથૈયા, તા. પલસાણા, જી.સુરત ખાતે તમામ હક જે જમીન ઉપર બાંધકામ અને સુપરસ્ટ્રકચર, તેમજ તેના પર બાંધવામાં આવનાર/પહેલેથી જ બંધાયેલ સુવિધાના અધિકારો સાથે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૦૧, **પશ્ચિમ તરફ** : જોડેનો પ્લોટ નં. ૦૯૯, **ઉત્તર તરફ** : જોડેનો પ્લોટ નં. ૧૩૫, **દક્ષિણ તરફ** : જોડેનો સોસાયટી રોડ. | ૨૦.૧૨.૨૦૨૫ | ૨૪.૦૬.૨૦૨૧ | રૂા. ૧૧,૧૭,૩૮૦.૪૦/– |
| ૨ | શ્રી અમીત કુમાર ભાનુભાઈ કુંભાની (જામીનદાર) | | | | |

ઉપરોકત દેવાદાર(રો), જામીનદારો જે પણ લાગુ હોય ને આ નોટીસના પ્રકાશનની તારીખ થી ૬૦ દિવસ ની અંદર બાકી રકમની ચુકવણી કરી દેવા જણાવવામાં આવે છે. ૬૦ દિવસની સમાપ્તી પછી તેમ કરવામાં કસુર થયે સિકયોરિટાઈઝેશન એન્ડ રિ–કન્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટસ અને એન્ફાર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ની કલમ ૧૩ની પેટા કલમ૪ હેઠળ આગળ ના પગલા લેવામાં આવશે.

તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ કલમ ૧૩ મુજબ દેવાદાર બેંકની લેખિત સંમતિ મેળવ્યા વિના ઉપર જણાવેલી સુરક્ષિત મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

દેવદારનુ ધ્યાન દેરવવાનુ કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**તારીખ : ૨૦.૧૨.૨૦૨૫ સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**



**पंजाब नैशनल बैंक** ...भरोसे का प्रतीक ! **punjab national bank** ...the name you can BANK upon !

**પુણાકુંભારીયા શાખા :** પ્લોટ નં. ૧૨,૧૩ ઓટો પોઈન્ટ કાર શોરૂમન નજીક , પુણાકુંભારીયા સુરત ૩૯૫૦૧૦, ફોન :– ૦૨૬૧ – ૨૬૪૨૯૦૦ email Id: bo9922@pnb.bank.in

**પરિશિષ્ટ–૪ [જૂઓ રૂલ ૮(૧)] કબજા નોટીસ (સ્થાયી મિલકત માટે)**

આથી નીચે સહી કરનાર **પંજાબ નેશનલ બેંક** ના અધિકૃત અધિકારીએ સિકયોરિટાઈઝેશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરિટી ઈન્ટરેસ્ટ ૨૦૦૨ (૨૦૦૨ ના ૫૪) અને આ ધારા ૧૩(૧૨) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના [રૂલ ૩] સાથે વંચાણે લઈ **તા.૧૫.૧૦.૨૦૨૫** ના રોજ ડિમાન્ડ નોટીસ બજાવીને **દેવાદારો / ગીરવેદાર શ્રી લીમ્બાચીયા રમેશચંદ્ર સોમાભાઈ (દેવાદાર) અને શ્રી લીમ્બાચીયા નીકુંજ (સહદેવાદાર), અને શ્રીમતી લિમ્બાચીયા ધર્મિષ્ઠા (સહદેવાદાર), શ્રી પ્રજાપતી કિરણ ગુણવંતભાઈ (જામીનદાર)** ને નોટીસમાં દર્શાવેલ રકમ **રૂા.૮,૮૦,૯૩૨.૩૨/– (અંકે રૂા. આઠ લાખ એંસી હજાર નવસો બત્રીસ અને બત્રીસ પૈસા પુરા) તા.૧૪/૧૦/૨૦૨૫** ના રોજના અને માસિક રેસ્ટ સાથે વધારાનું વ્યાજ અને અન્ય ચાર્જીસ અને ખર્ચાઓ સહિત આ નોટીસ /તારીખ મળ્યાના ૬૦ દિવસની અંદર પરત ચુકવવા જણાવવામાં આવ્યું હતું.

દેવાદારો આ રકમ ચુકવવામાં અસફળ રહેલ છે. આથી દેવાદાર / જામીનદાર / ગીરવેદાર અને જાહેર જનતાને આ નોટીસથી જણાવવામાં આવે છે કે આ ધારા ૧૩(૪) સિકયોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ ના નિયમ ૮ સાથે વંચાણે લઈ નીચે હસ્તાક્ષર કરેલ અધિકારીએ **તારીખ ૨જી જાન્યુઆરી ૨૦૨૬** ના રોજ નીચે દર્શાવેલ વિગતની મિલકતનો કબજો મેળવેલ છે.

આથી વિગતમાં દર્શાવેલ દેવાદારો / ગીરવેદાર અને જાહેર જનતાને ચેતવણી આપવામાં આવે છે કે મિલકતો માટે કોઈ પણ વ્યવહાર કરવો નહિં અને જો કોઈપણ વ્યવહાર કરવો હોય તો **પંજાબ નેશનલ બેંક**ની બાકી રકમ **રૂા.૮,૮૦,૯૩૨.૩૨/– (અંકે રૂા. આઠ લાખ એંસી હજાર નવસો બત્રીસ અને બત્રીસ પૈસા પુરા) તા.૧૪/૧૦/૨૦૨૫** ના રોજના અને તેના ઉપરનાં વધારાનાં વ્યાજને આધિન રહેશે.

દેવાદારોનું ધ્યાન દોરવાનું કે તમને નિયમ ૧૩ની પેટા કલમ (૮) ની જોગવાઈ મુજબ સુરક્ષીત મિલકતો છોડાવવા માટે પુરતો સમય આપેલ છે.

**સ્થાયી મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે 'શ્રી સાંઈ એપાર્ટમેન્ટ', નામે જાણીતો હાઉસીંગ કોમ્પલેક્ષ ની બીલ્ડીંગ ના ૪થા માળનો ફ્લેટ નં. બી/૪૦૨ આશરે બિલ્ટઅપ એરીયા માપ ૪૨૬.૦૩ ચો.ફુટ એટલે ૩૯.૫૮ ચો.મીટર બરાબર, વણવહેચાયલ હિસ્સા સહિત જમીન ના સીટી સર્વે નોંધ નં. ૩૯૬૫ અને ૩૯૬૬ તેનો વોર્ડ નં. ૭, સતીમાતા ની શેરી, રૂઘનાથપુરા, સીટી સુરત, તા. સુરત સીટી (ચોર્યાસી), જી.સુરત, ખાતે તમામ હક જે જમીન ઉપર બાંધકામ અને સુપરસ્ટ્રકચર, તેમજ તેના પર બાંધવામાં આવનાર/પહેલીથી જ બંધાયેલ સુવિધાના અધિકારો સાથે આવેલ છે. જેની ચર્તુદિશા : **પુર્વ તરફ** : જોડેની મિલકત, **પશ્ચિમ તરફ** : જોડેનો લીફટ ફલેટ નં. એ/૪૦૨ , **ઉત્તર તરફ** : જોડેનો ફલેટ નં. બી/૪૦૧, **દક્ષિણ તરફ** : જોડની મિલકત.

**તારીખ : ૦૨.૦૧.૨૦૨૬ । સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, પંજાબ નેશનલ બેંક**



**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**ભટાર રોડ શાખા :** પૂજા કિરણ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત–૩૯૫૦૦૭ ફોન : ૯૧૨૬૧–૨૨૪૧૨૩૬
Email : surbha@bankofbaroda.com

**સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ જામીનદારને નોટીસ**

**પ્રતિ, ૧. શ્રીમતી કમલેશકુમારી લિલાધર સુનેજા (જામીનદાર અને ગીરવેદાર)**
ફ્લેટ નં. ૧ /એ, ૧લા માળનો રત્ના મિલન એપાર્ટમેન્ટ, જૂનો ઘોડદોડ રોડ, મજૂરા, સુરત– ૩૯૫૦૦૭
**૨. શ્રી મોહિત લિલાધર સુનેજા (જામીનદાર અને ગીરવેદાર)**
ફ્લેટ નં. ૧ /એ, ૧લા માળનો રત્ના મિલન એપાર્ટમેન્ટ, જૂનો ઘોડદોડ રોડ, મજૂરા, સુરત– ૩૯૫૦૦૭
**૩. ગૌરવ ધર્મવીર સુતેજા (જામીનદાર)**
ફ્લેટ નં. ૧ /એ, ૧લા માળનો રત્ના મિલન એપાર્ટમેન્ટ, જૂનો ઘોડદોડ રોડ, મજૂરા, સુરત– ૩૯૫૦૦૭
**૪. શ્રીમતી બબીતા ગૌરવ સુતેજા (જામીનદાર)**
ફ્લેટ નં. ૧ /એ, ૧લા માળનો રત્ના મિલન એપાર્ટમેન્ટ, જૂનો ઘોડદોડ રોડ, મજૂરા, સુરત– ૩૯૫૦૦૭

મહેરબાનશ્રી,
**વિષય : મેસર્સ શ્રીનાથજી ટ્રેડર્સ ને ઓવરડ્રાફ્ટ લોન ખાતા નં. ૨૫૨૬૦૪૦૦૦૦૦૨૩૬ લીધેલ ક્રેડીટ સુવિધાઓમાં તમારી જામીનગીરી અંગે**

૧. તમને ખબર છે તે પ્રમાણે **તારીખ ૧૧.૦૨.૨૦૧૨** ના રોજ તમે તમામ નાણાં અને નાણાકીય જવાબદારીઓના પેમેન્ટની ગેરેન્ટી આપી હતી. જે તમારી પાસેથી એટલે કે **મેસર્સ શ્રીનાથજી ટ્રેડર્સ નેઓવરડ્રાફ્ટ લોન ખાતા નં. ૨૫૨૬૦૪૦૦૦૦૦૨૩૬** ની પાસેથી **રૂા.૧,૦૭,૦૦,૦૦૦/–** ચુકવવા નથી તેના ઉપરના જામીન દસ્તાવેજ પ્રમાણે તમારે જામીનદાર તરીકે અમને નીચેની સિકયુરીટી પૂરી પાડવાની રહેશે.

તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'રત્ના મિલન એપાર્ટમેન્ટ' તરીકે જાણીતો રત્ના મિલન કો.ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ નો ૧લા માળનો ફલેટ નં. ૧/એ માપ આશરે ૪૦.૯૫ ચો.મી રેવન્યુ સર્વે નં. ૧૧૫/૪, એફ.પી.નં.૭ પૈકી ટી.પી.સ્કીમ નં. ૯ અને સીટી સર્વે નોંધ નં. ૧૧૩, સીટી સર્વે વોર્ડ મજૂરાનો સુરત શહેર અને ફાઈન પ્લોટ નં. ૯૫, ટી.પી.સ્કીમ નં. ૬, ગામ.મજૂરા, જી. સુરત ખાતે આવેલ છે.

૨. અમે તમને જણાવીએ છીએ કે, દેવાદાર કે જે બાકી લોનની રકમ ચુકવવામાં અસમર્થ થયા છે અને તેમનો એકાઉન્ટ નોન–પર્ફોર્મીંગ એસેટ તરીકે જાહેર થયેલ છે. આ નોટિસની કોપી **તા.૨૦.૧૨.૨૦૨૫** સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ ની ધારા ૧૩(૨) હેઠળ આપવામાં આવી હતી, તેથી દેવાદાર અસમર્થ સાબિત થતાં ગેરંટી પ્રમાણે તમારે અમને લોન/ક્રેડિટની બાકી રકમ **+ રૂા.૧,૧૦,૯૪,૪૨૯.૫૪/– (અંકે રૂા. એક કરોડ દસ લાખ ચોરાણું હજાર ચારસો ઓગણત્રીસ અને ચોપ્પન પૈસા પુરા ) + વધારા નું વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** માં જણાવ્યા મુજબ અહીં જામીનદાર ઠપકો આપીને જણાવીએ છીએ કે, આ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર બાકીની રકમ ચુકવી દેવાની રહેશે. કૃપા કરી નોંધ લો કે પેરા નં. ૧ માં દર્શાવ્યા પ્રમાણે **તા.૨૦.૧૨.૨૦૨૫** મુજબ વ્યાજ ચડવાના ચાલુ રહેશે. (કોપી સામેલ). ૩. અમે આગળ તમને જણાવીએ છીએ કે, તમારી આપેલી જવાબદારીઓ કે જે ઋણ ચુકવવાની હતી તેમાં તમે અસમર્થ નીવડયા છો. અહીં તમને સિકયુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩ની પેટા કલમ (૨) હેઠળ તમને નોટિસ આપીને ૬૦ દિવસની અંદર ચુકવી દેવા જણાવ્યુ હતું અમે આગળ તમને નોટિસ આપીને જણાવીએ છીએ કે, ઉપરની રકમ વ્યાજ સાથે ચુકવણીની તારીખ સુધીમાં ચુકવવામાં અસમર્થ થશો તો અને કલમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળના તમામ કે કોઈ પણ સત્તાનો ઉપયોગ કરવાની અમને ફરજ પડશે તેની નોંધ લેવી. ૪. અમે આગળ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩ની પેટા કલમ (૧૩) હેઠળ પેરા (૧) માં દર્શાવેલ મિલકત ના નોટીસમાં બતાવ્યા પ્રમાણેની સંપત્તિનું વેચાણ, લીઝ કે સ્થળાંતર કરવાની મનાઈ કરવામાં આવે છે.(ધંધાના સામાન્ય કામકાજ સિવાય) વધુમાં અમે એવું જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) માં જણાવેલ જોગવાઈઓનું પાલન ન કરવું તે આ ધારાની કલમ ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૫.**અમે તમારૂ ધ્યાન ઉપરોકત અધિનિયમની કલમ ૧૩ ની પેટા કલ્મ (૮) તરફ દોરવા માંગીએ છીએ, જેમાં શરતો મુજબ જો તમે બેંક દ્વારા લેવામાં આવતા તમામ ખર્ચો, ચાર્જ સહિત બાકીની રકમની ચુકવણી જાહેર હરાજી/ટેન્ડર/ખાનગી સંધી કરાર માટે નોટીસ પ્રસિદ્ધ કરવાની તારીખ પહેલા કોઈપણ સમયે કરો તો તમે સુરક્ષિત મિલકતને છુટી કરી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે ઉપર મુજબની નોટીસ પ્રસિદ્ધ થયા પછી, સુરક્ષિત મિલકત છોડાવવાનો તમારો અધિકાર ઉપલબ્ધ રહેશે નહી. ૬. કૃપા કરીને નોંધ લેશો કે આ નોટિસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તમારી પાસેથી બાકી નીકળતી રકમના સંદર્ભમાં વધારે માગણી કરવાના અધિકાર સહિત અન્ય કોઈ અધિકાર કે રાહતની માંડવાળ તરીકે ગણવામાં નહિ આવે.

**તા.૨૦.૧૨.૨૦૨૫, સ્થળ: સુરત** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભટાર રોડ શાખા**



**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**ભટાર રોડ શાખા :** પૂજા કિરણ એપાર્ટમેન્ટ, ભટાર રોડ, સુરત–૩૯૫૦૦૭ ફોન : ૦૨૬૧–૨૨૪૧૨૩૬
Email : surbha@bankofbaroda.com

**સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ દેવાદારને નોટીસ**

**પ્રતિ, મેસર્સ શ્રીનાથજી ટ્રેડર્સ (ભાગીદાર પેઢી) :**
(અ) દુકાન નં. એલ/૯ આર્શીવાદ સ્કવેર, સોસ્યો સર્કલ, યુ.એમ. રોડ, સુરત– ૩૯૫૦૦૨.
**૨. શ્રીમતી બબીતા ગૌરવ સુનેજા (મેસર્સ શ્રીનાથજી ટ્રેડર્સના ભાગીદાર )**
(અ) ફલેટ નં. ૧ /એ, ૧લા માળનો રત્ના મિલન એપાર્ટમેન્ટ, જૂનો ઘોડદોડ રોડ,મજૂરા, સુરત– ૩૯૫૦૦૭
**૩. શ્રી મોહિત લાલધર સુનેજા (મેસર્સ શ્રીનાથજી ટ્રેડર્સ ના ભાગીદાર અને ગીરવેદાર)**
(અ) ફલેટ નં. ૧ /એ, ૧લા માળનો રત્ના મિલન એપાર્ટમેન્ટ, જૂનો ઘોડદોડ રોડ,મજૂરા, સુરત– ૩૯૫૦૦૭

**મહેરબાનશ્રી,**
**વિષય : અમારી ભટાર રોડ શાખા, માંથી મેળવેલ ક્રેડીટ સુવિધાઓ.**

૧. અમારા **તા.૧૩.૧૨.૨૦૧૧** ના રોજના પત્ર ક્રમાંક **SURBHA/ADV/** માં જણાવ્યા મુજબ બેંકની બાકી અંગે ના સંદર્ભમાં તમારી ક્રેડીટ સુવિધાઓની મંજૂરી અને મંજૂરીની શરતો જણાવતા ઉપરોકત મંજૂરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી સીકયુરીટી પુરી પાડીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીટ સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ | વ્યાજનો દર(હાલનો) | ૧૩.૧૨.૨૦૨૫ ના રોજની બાકી | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| ઓવરડ્રાફ્ટ લોન ખાતા નં. ૨૫૨૬ ૦૪૦૦૦ ૦૦૨૩૬ | રૂા. ૧,૦૭,૦૦,૦૦૦/– | વાર્ષિક ૧૦.૮૫% + ૨% (પેનલ વ્યાજ) | રૂા.૧,૦૬,૯૭,૩૮૦. ૨૭/– મુળ રકમ રૂા. ૫૦,૨૯૩.૨૭ લાગુ નહીં કરેલ વ્યાજ + રૂા.૩,૪૪,૭૪૪.૦૦ અનસર્વડ વ્યાજ + રૂા.૨૦૧૨.૦૦ ચક્રવૃદ્ધિ વ્યાજ = રૂા. ૧,૧૦,૯૪, ૪૨૯.૫૪ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | ઈકવીટેબલ મોર્ગેજ કરેલ ફલેટ નં.૧/એ રત્ના મિલન એપાર્ટમેન્ટ મજૂરા, સુરત રજીસ્ટ્રર્ડ કચેરી સુરત ખાતે ટાઈટલ ડિડ ઈન્સ્ટ્રુમેન્ટ ડિપોઝીટ રજીસ્ટર નંબર. ૪૩૦૭ તા.૨૫.૧૦.૨૦૧૩ થી સબ રજીસ્ટ્રાર કચેરી. હજીરા, સુરત–૭, જી.સુરત, નોંધણી કરેલ છે. |
| કુલ | રૂા. ૧,૦૭,૦૦, ૦૦૦/– | | રૂા. ૧,૧૦,૯૪, ૪૨૯.૫૪ + વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ | |

** **મોર્ગેજ કરેલ મિલકતની વિગત :** તમામ હક, હિત અને સંબંધ ધરાવતી સ્થાયી મિલકત કે જે 'રત્ના મિલન એપાર્ટમેન્ટ' તરીકે જાણીતો રત્ના મિલન કો.ઓ. હાઉસીંગ સોસાયટી લીમીટેડ નો ૧લા માળનો ફલેટ નં. ૧/એ માપ આશરે ૪૦.૯૫ ચો.મી રેવન્યુ સર્વે નં. ૧૧૫/૪, એફ.પી.નં.૭ પૈકી ટી.પી.સ્કીમ નં. ૯ અને સીટી સર્વે નોંધ નં. ૧૧૩, સીટી સર્વે વોર્ડ મજૂરાનો સુરત શહેર અને ફાઈન પ્લોટ નં. ૯૫, ટી.પી.સ્કીમ નં. ૬, ગામ.મજૂરા, જી. સુરત ખાતે આવેલ છે.

**૨) તા. ૧૩.૧૨.૨૦૧૧ ના રોજ** બેંક પ્રત્યેની તમારી જવાબદારી **રૂા. ૧,૦૭,૦૦,૦૦૦/–** ની અને બેંક ગાઈડલાઈન મુજબ અન્ય બેંક ચાર્જીસ સ્વીકાર છે. **૩)** તમે જાણો છો કે **ડિસેમ્બર ૨૦૨૫** તમે ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **તા.૨૦.૦૯.૨૦૨૫** ના રોજ અને ત્યાર બાદ ચુકવણાની મુદતે પણ લોન / બાકી હપ્તાની ચુકવણીમાં કસુર કરેલ છે. **૪)** તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૧૯.૧૨.૨૦૨૫** ના રોજ નોન–પરર્ફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મૂળ રકમ અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. **૫)** લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૧,૧૦,૯૪,૪૨૯.૫૪/– (અંકે રૂા. એક કરોડ દસ લાખ ચોરાણું હજાર ચારસો ઓગણત્રીસ અને ચોપ્પન પૈસા પુરા ) + વધારાનુ વ્યાજ અને તેના પર અન્ય ચાર્જીસ** ની જવાબદારી મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. **૬)** કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. **૭)** તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. **૮) વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી. ૯)** કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધીત છે.

**તા.૨૦.૧૨.૨૦૨૫ । સ્થળ : સુરત** **અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા,ભટાર રોડ શાખા.**